# પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત –

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૨ સગરામપુરા વિસ્તારના મહાદેવ શેરીમાં આવેલ મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા તા.૧૨/૦૭/૨૦૨૪ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવે લ. જે અંતર્ગત રહેણાંકનાં હેતુસરવાળી મિલ્કતમાં છઠા માળે આશરે ૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. બીમ, કોલમ તથા તથા પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાન દુર કરી આશરે ૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પાર્કીગમાં કરેલ દબાણ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૨૫,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે.

## બિસ્માર મિલ્કતનો પડવા સરખો ભાગ દુર કર્યાની વિગત-

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧ ગોપીપુરા વિસ્તારના કાજીના મેદાન પાસે આવેલ નોંધ નં.૩૧૩૦ વાળી મિલ્કતનો જર્જરિત ભાગ મિલ્કતના અંદરના ભાગમાં ધરાશય થયેલ હોવા બાબતે સુરત મહાનગરપાલિકાનાં ફાયર વિભાગ દ્વારા જાણ કરવામાં આવતા સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળ પર હાજર રહી મિલ્કતની સ્થળ સ્થિતિ ચકાસી મિલ્કતનો પડવા સરખો ભાગ દુર કરવા મિલ્કતના હિતકર્તા / કબ્જેદારો /વસવાટ કરનારાઓને સુચના / માર્ગદર્શન આપતા મિલ્કતના હિતકર્તા / કબ્જેદારો /વસવાટ દ્વારા તાકીદે સ્થળ પર સ્વખર્ચે તથા જોખમે મિલ્કતનો પડવા સરખો તમામ ભાગદુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. જે કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૨૩
તા.૧૨/૦૭/૨૦૨૪